અહેવાલ સભાગૃહમાં રજૂ થયા
તા.૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૬

सत्यमेव जयते

# અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## પંદરમી ગુજરાત વિધાનસભા

## ચોથો અહેવાલ

**(તેરમી ગુજરાત વિધાનસભાના પ્રથમ અહેવાલ, ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ અહેવાલ અને પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે લીધેલાં પગલાના પત્રકો પરનો સંયુક્ત અહેવાલ)**

**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર**

**૨૦૨૬**

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## (૨૦૨૬–૨૦૨૭)

### પ્રમુખશ્રી

શ્રીમતી માલતીબેન મહેશ્વરી

### સભ્યશ્રીઓ

શ્રી જીગ્નેશ મેવાણી

શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા

શ્રી રમણલાલ વોરા

શ્રી ભીખુસિંહજી પરમાર

શ્રીમતી પાયલ કુકરાની

શ્રી પરસોત્તમભાઈ પરમાર

શ્રીમતી ભાનુબેન બાબરીયા

મહંત શ્રી શંભુનાથ ટુંડિયા

શ્રી બચુભાઈ ખાબડ

શ્રી ઈશ્વરભાઈ પરમાર

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી સી. બી. પંડ્યા, સચિવ

શ્રી જે. પી કાવઠિયા, ઉપ સચિવશ્રી

શ્રી એચ. કે બાગી, શાખા અધિકારી

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## (૨૦૨૫–૨૦૨૬)

**પ્રમુખશ્રી**

શ્રી ઈશ્વરભાઈ પરમાર

**સભ્યશ્રીઓ**

શ્રીમતી માલતી મહેશ્વરી

શ્રી જીગ્નેશ મેવાણી

શ્રીમતી દર્શના વાઘેલા

શ્રી પરસોત્તમભાઈ પરમાર

શ્રી મેઘજીભાઈ ચાવડા

શ્રી પ્રદ્યુમન વાજા

મહંત શ્રી શંભુનાથ ટુંડિયા

શ્રીમતી મનીષા વકીલ

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી સી. બી. પંડ્યા, ઇન્ચાર્જ સચિવ

સુ.શ્રી ડી. કે. મુનીઆ, નાયબ સચિવ

શ્રી એચ.કે. બાગી, શાખા અધિકારી.

# **અહેવાલ**

## **પ્રસ્તાવિક**

**૧**. હું, અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ, તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ, ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ અને પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિના બીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાં ઉપરના પત્રકો પરનો પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિ વતી સમિતિનો નીચે મુજબનો **ચોથો અહેવાલ** રજૂ કરૂં છું.

**૨**. તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિનો પ્રથમ અહેવાલ તા.૧૯/૦૩/૨૦૧૫ ના રોજ, ચૌદમી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રથમ અહેવાલ તા.૧૮/૦૬/૨૦૨૧ ના રોજ અને પંદરમી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો બીજો અહેવાલ તા.૦૮/૦૨/૨૦૨૪ ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૭૮ અન્વયે અહેવાલમાં સમિતિએ કરેલી ભલામણો પર સરકારે લીધેલા પગલાની જાણ ગુજરાત વિધાનસભાને કરવાની હોય છે.

તદ્‌નુસાર, ઉદ્યોગ અને ખાણ વિભાગે તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના ઉક્ત પ્રથમ અહેવાલમાં કરેલી ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાના પત્રકો તા.૧૩/૦૭/૨૦૧૬

ના રોજ , ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિના ઉક્ત  પ્રથમ અહેવાલમાં કરેલી ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાના પત્રકો બંદરો અને વાહનવ્યવહાર વિભાગે તા.૧૮/૦૬/૨૦૨૧ ના  રોજ અને પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિના ઉક્ત બીજા અહેવાલમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના ગુજરાત ખનિજ વિકાસ નિગમમાં અનુસૂચિત જાતિનાં ઉમેદવારોનું પ્રતિનિધિત્વ અંગેના અહેવાલ પર કરવામાં આવેલી ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાં પરના પત્રકો તા.૨૧/૦૮/૨૦૨૪ ના રોજ ગુજરાત વિધાનસભા સચિવાલયને મોકલી આપ્યા હતા.

**3**. સમિતિએ તેની તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ મળેલ બેઠકમાં તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ અહેવાલ પરનાં પગલાંના પત્રકોની,  તા.૧૪/૦૭/૨૦૨૬ ના રોજ મળેલી બેઠકમાં ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ અહેવાલ પરના પગલાંના પત્રકોની તથા તા.૦૮/૦૭/૨૦૨૫ ના રોજ મળેલી બેઠકમાં પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિના બીજા અહેવાલ પરના પત્રકોની તપાસ કરી હતી. સમિતિએ તેની તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ મળેલી બેઠકમાં ઉક્ત ત્રણેય અહેવાલ પરના પગલાં પરના પત્રકોની તપાસ પૂર્ણ કરવાનો નિર્ણય લીધો છે.

## ઉદ્યોગ અને ખાણ વિભાગ

### (તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિનો પહેલો અહેવાલ)

### (ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક ખાણ અને ખનિજ પ્રભાગ દ્વારા આપવામાં આવતી રેતી, કપચી, બેલસ્ટોન તથા દરિયામાંથી કાઢવામાં આવતા શંખની લીઝ બાબત)

**૪**. ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના ખાણ અને ખનિજ પ્રભાગ દ્વારા આપવામાં આવતી રેતી, કપચી, બેલસ્ટોન તથા દરિયામાંથી કાઢવામાં આવતા શંખની લીઝ બાબતના તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ અહેવાલના ફકરા ક્રમાંક:૭ થી સમિતિએ લીઝની ફાળવણીમાં અનુસૂચિત જાતિના લોકોને અગ્રતાક્રમ આપવા અથવા તેની ટકાવારી પ્રમાણે પ્લોટ અનામત રાખી ફાળવણી કરવા અને આવનાર દિવસોમાં જાહેર હરાજીનો વિષય હોય તો તેમા પણ અનુસૂચિત જાતિના લોકો માટે અનામત રાખવાની ભલામણ કરી હતી.

**૫**. ઉક્ત બાબતે વિભાગે તા.૧૩/૦૭/૨૦૧૬ ના રોજ મોકલાવેલ પગલા પરના  પત્રકોમાં જણાવ્યા મુજબ કેન્દ્ર સરકારના માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) કાયદાની જોગવાઈઓને અનુરૂપ અનુસૂચિત જાતિ માટે જોગવાઈ કરવા અંગે  કાયદાનું પીઠબળ મળતું નથી. આથી સમિતિની ભલામણનો સખેદ અસ્વીકાર કરેલ છે. સમિતિની તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજની બેઠકમાં વિભાગના  સાક્ષીઓએ ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમો-૨૦૧૭ અમલી હોવાથી સમિતિની ભલામણનો સ્વીકાર કરવો શક્ય નથી તેમ જણાવ્યું હતું. આમ, સરકાર કક્ષાએ સમિતિની ઉક્ત ભલામણનો કાયદાકીય રીતે સ્વીકાર કરવો શક્ય ન

હોઈ, સમિતિએ વિભાગની રજૂઆતનો સ્વીકાર કરી તા. ૨૮/૦૭/૨૦૨૬ના રોજની બેઠકમાં તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના પહેલા અહેવાલના પગલાં પરના પત્રકોની વિભાગની તપાસ પૂર્ણ કરવાનો નિર્ણય લીધેલ છે. સમિતિએ આ બાબતે હવે આગળ કાંઈ કરવાનું રહેતું નથી.

## બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

## (ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિનો પ્રથમ અહેવાલ)

**(ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા અલંગ–સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે અનુસૂચિત જાતિના ઈસમોને પ્લોટની ફાળવણી બાબત)**

**૬**. બંદરો અને વાહનવ્યવહાર વિભાગ હસ્તકના ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા અલંગ–સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે અનુસૂચિત જાતિના લોકોને પ્લોટની ફાળવણી બાબતના ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ અહેવાલમાં સમિતિએ બે ભલામણો કરી હતી. સમિતિના ઉક્ત અહેવાલના ફકરા ક્રમાંક: ૫ થી ગુજરાત મેરીટાઇમ બોર્ડ હસ્તકના કુલ પ્લોટોને લક્ષમાં લઈ અનામતની ટકાવારી મુજબ ૭% લેખે અનુસૂચિત જાતિના લોકોને પ્લોટ ફાળવવા અન્યથા નવી ટેન્ડર પ્રક્રિયામાં પહેલેથી જ ચૂસ્તપણે અનામતનું હાર્દ જળવાઈ રહે તે પ્રમાણે ફાળવણી કરવા ભલામણ કરી હતી.

ઉક્ત ફકરા સંબંધમાં વિભાગે તા.૧૮/૦૬/૨૦૨૧ ના રોજ મોકલાવેલ પગલાં પરના પત્રકોના સાહિત્યમાં જણાવ્યા અનુસાર અનુસૂચિત જાતિના લોકોને "ગુજરાત મેરીટાઈમ બોર્ડ" દ્વારા અલંગ–સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે પ્લોટની ફાળવણી નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૧૬/૦૭/૨૦૧૯ ના આદેશાનુસાર અને પ્રવર્તમાન વિનીયમોની જોગવાઈઓ અનુસાર કરવાની હોઈ તે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. એટલે કે અનુસૂચિત જાતિની અનામતની ટકાવારી મુજબ જ ૭% લેખે જ હાથ ધરવામાં આવે છે. વધુમાં સમિતિની તા.૧૪/૦૭/૨૦૨૬ ના રોજની બેઠકમાં ઉપસ્થિત વિભાગના પ્રતિનિધિઓ દ્વારા સમિતિ સમક્ષ રજૂ કરેલ આંકડાકીય વિગત મુજબ, અલંગ–સોસીયા શીપ બ્રેકીંગ યાર્ડ ખાતે હાલમાં ઓક્શન માટે ઉપલબ્ધ ૧૪ પ્લોટોમાંથી ૦૫ પ્લોટ અનુસૂચિત જાતિ માટે અનામત છે. સમિતિએ ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા આગામી પ્લોટોના ઓક્શન સમયે અનુસૂચિત જાતિ વર્ગ માટે રિઝર્વ કરવામાં આવેલ પાંચ પ્લોટોનું એકસાથે ઓક્શન કરવામાં આવે, એવું સૂચન કરેલ છે. ચર્ચામાં આગળ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યા મુજબ, વર્ષ ૧૯૯૪ અને ૧૯૯૭ માં બોર્ડ દ્વારા અનુસૂચિત જાતિના લોકોને ૦૮ પ્લોટો ફાળવવામાં આવેલા હતા, એ તમામ પ્લોટો પર સરકારી બાકી લેણાંની રકમ સંબંધિત પ્લોટ ધારકો દ્વારા ચૂકવવામાં આવેલ ન હોવાથી વર્ષ ૨૦૦૭ માં બોર્ડ દ્વારા આ તમામ પ્લોટો હસ્તગત કરી લેવામાં આવેલા હતા.

**૭**. સમિતિએ ઉક્ત અહેવાલના ફકરા ક્રમાંક: ૫ માં અલંગ ખાતે ન્યૂનતમ શીપ બ્રેકીંગના લક્ષ્ય અનુસૂચિત જાતિ વર્ગ માટે ૧૫૦૦૦ મેટ્રિક ટન રાખવુ અનિવાર્ય કરવા સંબંધેની ભલામણ પણ

કરી હતી. આ સંબંધમાં વિભાગના પગલાના પત્રકોના સાહિત્યમાં જણાવ્યા મુજબ સમિતિની બેઠક દરમ્યાન ગુજરાત મેરીટાઇમ બોર્ડની તા.૧૮/૦૩/૨૦૨૫ ની અધિસૂચનાની કલમ–૯.૩ મુજબ તમામ કેટેગરી માટે ન્યૂનતમ એલ.ડી.ટી. ઘટાડો કરવામાં આવેલ હોવાનું જણાવેલ. તે મુજબ ૩૦ મીટર થી નાના પ્લોટ માટેના પાંચ વર્ષના બીજા બ્લોક માટે ૬૨૫૦ મેટ્રિક ટન, ૩૦ મીટર થી વધારે અને ૬૦ મીટર સુધીના પ્લોટ માટેના પાંચ વર્ષના બીજા બ્લોક માટે ૮૭૫૦ મેટ્રિક ટન, ૬૦ થી ૧૨૦ મીટરના પ્લોટ માટેના પાંચ વર્ષના બીજા બ્લોક માટે ૧૧૨૫૦ મેટ્રિક ટન તેમજ ૧૨૦ મીટર થી મોટા પ્લોટ માટેના પાંચ વર્ષના સમયગાળા માટેના બીજા બ્લોક માટે ૧૨૫૦૦ મેટ્રિક ટન પ્રતિ વર્ષ કરવામાં આવેલ હોઈ સમિતિએ વિભાગે લીધેલાં પગલાંઓ સંબંધમાં સંતોષ વ્યક્ત કરી સમિતિની તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ મળેલી બેઠકમાં પગલાંના પત્રકો સંબંધની વિભાગની તપાસ પૂર્ણ કરી હતી.

## ઉદ્યોગ અને ખાણ વિભાગ

## (પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા અહેવાલ)

## (ગુજરાત ખનિજ વિકાસ નિગમ સંબંધમાં અનુસૂચિત જાતિઓના ઉમેદવારનું પ્રતિનિધિત્વ)

**૮**. સમિતિનાં પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા અહેવાલમાં સમિતિએ ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના ગુજરાત ખનિજ વિકાસ નિગમ સંબંધમાં અનુસૂચિત જાતિઓના ઉમેદવારોના પ્રતિનિધિત્વ સંબંધમાં ફકરા ક્રમાંક: ૬ અને ફકરા ક્રમાંક: ૧૦ થી ભલામણો કરી હતી.

**૯**. સદર અહેવાલના  ફકરા ક્રમાંક: ૬ થી સમિતિએ અન્ડરગ્રાઉન્ડ માઈનિંગમાં જગ્યાઓ ભરવા માટે ઉમેદવારો પાસેથી અન્ડર ગ્રાઉન્ડ માઈન્સ માટેની તાલીમ મેળવ્યાનું જે સર્ટીફિકેટ માંગવામાં આવે છે તેમાંથી મુક્તિ આપવા તેમજ આ માટે તે સંબંધમાં ભરતી નિયમોમાં જરૂરી ફેરફાર કરવા ભલામણ કરી હતી. ભલામણ ક્રમાંક: ૬ સંબંધમાં વિભાગે તા. ૨૧/૦૮/૨૦૨૪ ના રોજ મોકલાવેલ પગલાંના પત્રકોમાં જણાવ્યા મુજબ કેન્દ્ર સરકારના કોલ માઈન્સ રેગ્યુલેશન્સ, ૨૦૧૭ મુજબ ઓપન કાસ્ટ માઈન્સમાં ભરતી માટે અન્ડર ગ્રાઉન્ડ માઈન્સની જોગવાઇમાંથી મુક્તિ આપવામાં આવેલી છે. વધુમાં ઉક્ત રેગ્યુલેશનના ચેપ્ટર–૪ મુજબની જોગવાઇનો રાજ્ય સરકારે અમલ કરવાનો હોવાથી કાયદાકીય રીતે સમિતિની ભલામણનો સ્વીકાર કરી શકાય તેમ નથી.

૧૦. ઉક્ત અહેવાલના ફકરા ક્રમાંક: ૧૦ થી સમિતિએ વિભાગ હસ્તકના  ગુજરાત ખનિજ વિકાસ નિગમના તમામ સંવર્ગમાં ખાલી રહેલી જગ્યાઓ સત્વરે ભરાય તે માટે વિભાગને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા અને તે સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ સમિતિને કરવા ભલામણ કરી હતી. આ સંબંધમાં વિભાગે તા.૨૧/૦૮/૨૦૨૪ ના રોજ રજૂ કરેલા પગલાંના પત્રકોમાં  જણાવ્યા મુજબ નિગમના નિયામક મંડળના તા. ૩૦/૦૧/૨૦૦૬ના રોજના ઠરાવ ક્રમાંક: ૪૧૨૬ અને તે બાબતે  રાજ્ય સરકારની મંજૂરીથી હાલમાં ટાઇમ બાઉન્ડ પોલિસી અમલમાં છે. વધુમાં, નિગમમાં વર્ગ–૩ અને વર્ગ–૪ માટે ઔદ્યોગિક વિવાદ ધારા–૧૯૪૭ની

કલમ ૨(પી) હેઠળ થયેલ સમાધાન કરાર મુજબ બઢતીના બદલામાં ૯–૧૮–૨૭ પેટર્નથી ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાની જોગવાઇ હોવાનું જણાવેલ છે.

**૧૧**. ઉક્ત અહેવાલના ફકરા ક્રમાંક: ૧૦ની તપાસ માટે તા.૦૮/૦૭/૨૦૨૫ ના રોજ મળેલ બેઠકમાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યા અનુસાર વિભાગ દ્વારા ખાસ કિસ્સા તરીકે એક પ્રયોગ કરવામાં આવેલ જેમાં વર્ગ–૧ થી વર્ગ–૩ ની જગ્યાઓ ભરવા માટે નિગમ તરફથી ગુજરાત જાહેર સેવા આયોગ (જી.પી.એસ.સી.) ને અનુરોધ કરવામાં આવેલ હતો. પરંતુ ઉક્ત ભરતી પ્રક્રિયામાં થયેલ વિલંબ નિગમની વાણિજ્યિક પ્રવૃત્તિને નુકસાનકર્તા હોઈ આ પ્રકારની પ્રક્રિયાને જી.પી.એસ.સી. માંથી પાછી ખેંચીને જૂની પધ્ધતિ પ્રમાણે ભરતીઓ કરવા સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે. વધુમાં, વિભાગના પ્રતિનિધિના જણાવ્યાનુસાર, નિગમમાં મંજૂર થયેલ કુલ ૧૪૫૪ જગ્યાઓ પૈકી ૯૩૨ જગ્યાઓ પર કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે અને એમાં અનુસૂચિત જાતિના કર્મચારીઓની ટકાવારી ૯.૪૪% છે. આમ, જી.પી.એસ.સી. અન્વયેની દરખાસ્ત અને વર્ગ–૩ માટેની પ્રમોશનની પોલીસી સરકારમાંથી મંજૂર થયેથી ભરતી પ્રક્રિયા હાથ ધરવા બાબતે પ્રતિનિધિએ જણાવ્યું હતું. ઉક્ત સમગ્ર બાબતો ધ્યાને લઈ સમિતિએ કરેલ ભલામણો અન્વયે વિભાગે લીધેલ પગલાંઓ સંબંધમાં સમિતિએ સંતોષ વ્યક્ત કરી સમિતિએ તેની તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજની બેઠકમાં ઉક્ત પગલાં પરના પત્રકો પરની વિભાગની તપાસ પૂર્ણ જાહેર કરી હતી. સમિતિએ હવે આ બાબતે આગળ કંઇ કરવાનું રહેતું નથી.

**૧૨**. સમિતિએ તેની તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ મળેલ બેઠકમાં તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના ઉક્ત પ્રથમ અહેવાલ, ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ અહેવાલ તેમજ પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા અહેવાલમાં કરેલ ભલામણો ઉપર સરકારે લીધેલ પગલાં સંબંધમાં કરેલ તપાસને લગતા સમિતિના સંયુક્ત ચોથા અહેવાલના મુસદ્દા પર ચર્ચા–વિચારણા કરી હતી અને મુસદ્દાને મંજૂર રાખ્યો છે.

**૧૩**. સમિતિની તપાસ દરમિયાન ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા તેમના તાબાની કચેરીઓના ખાતાના વડા સહિતના અધિકારીઓ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ તથા વિભાગ હસ્તકની કચેરીઓના ખાતાના વડા સહિતના અધિકારીઓએ સમિતિ સમક્ષ ઉપસ્થિત રહી સમિતિને સમયસર માહિતી આપવા અને સાથ–સહકાર આપવા બદલ સમિતિ તેમનો આભાર માને છે.

**૧૪**. ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલ સહાયની પણ સમિતિ નોંધ લે છે.

**ગાંધીનગર** **(માલતી મહેશ્વરી)**

**તા.૧૦/૦૯/૨૦૨૬** **પ્રમુખ,**

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ**